**વડનગરનાં મહે. જ્યુડિશિયલ મૅજિસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ સાહેબની કોર્ટમાં, મુકામઃ વડનગર.**

**ફોજદારી કેસ નં.123/2026.**
**આંકઃ- ૦૫**

**શ્રી સરકાર** **ફરિયાદી**

વિરુદ્ધ

**પટેલ ઉપેન્દભાઇ સોમાભાઇ નરોતમભાઇ**
**રહે.લક્ષ્મીપુરા જાસ્કા,**
**તા.વડનગર, જિ.મહેસાણા.** **આરોપી.**

**<u>ગુનો- ધી ગુજરાત પ્રોહિબિશન અૅક્ટની કલમ-૬૬(૧)(બી) ,૮૫(૧)મુજબ.</u>**

**// ચુકાદો//**

(૧) સદરહુ કામનુ કેસ રેકર્ડ આજરોજ લોક અદાલતના સ્પેશિયલ સિટીંગમાં હાથ પર લઈ વંચાણે લીધુ. આ કામના આરોપી સામે **ધી ગુજરાત પ્રોહિબિશન અૅક્ટની કલમ-૬૬(૧)(બી), ૮૫(૧)** મુજબનો ગુનો નોંધાતા, આરોપી સામે હાલનું ચાર્જશીટ અત્રેની અદાલત સમક્ષ રજૂ થતાં અત્રેની અદાલતે આરોપી સામે સમન્સ ઈસ્યૂ કરવાનો હુકમ કરેલ. આરોપીનો સમન્સ યોગ્ય રીતે બજવણી થઈ જતાં આરોપી આજરોજ હાજર થયેલ છે. આરોપીને **ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૩૦** મુજબ પોલીસ પેપર્સની નકલો પુરી પાડ્યા અંગેની ખાતરી કરેલ છે.

(૨) **ઉપરોક્ત ગુનાના અંગે આરોપીની પ્લી લેતાં**, આરોપીએ ગુનો કબૂલ કરી, ગુના અંગે મૌખિક જણાવેલ છે કે, આ તેમનો પ્રથમ ગુનો છે. ગુના બદલ તેઓને ઘણો જ પસ્તાવો છે. કાયદાના અજ્ઞાનને લીધે અજાણતાથી આ ગુનો તેમનાથી થઈ ગયેલ છે, તેથી ભવિષ્યમાં આવો ગુનો નહિ બને તેવી ખાતરી અને ભરોસો આપી તેઓએ હળવો દંડ કરી, છોડી મુકવા અરજ કરેલ છે.

(૩) આરોપી તરફે રજૂ થયેલ ઉપરોક્ત ગુના કબૂલાત પુરસીસ સ્વેચ્છીક હોઈ, તે નોંધી પરંતુ આરોપીની સદરહુ કબૂલાત તેમની વિરુદ્ધનો પુરાવો ગણાશે તેવી સ્પષ્ટ સમજ આરોપીને આપવામાં આવેલ છે તેમ છતાં આરોપી રાજીખુશીથી ગુનો કબૂલ કરે છે. તેવી કોર્ટે ખાતરી કરેલ છે. *આ તબક્કે **નામદાર ગુજરાત વડી અદાલતનો ગુજરાત રાજ્ય વિ. નટવર હરચંદજી ઠાકોર, જી.એલ.આર.૨૦૦૫(૧) પાના નં.૭૦૯ ઉપર પ્રસિદ્ધ થયેલ ચુકાદો** વંચાણે લીધો તેમજ સદરહુ ચુકાદાના **પાના નં.૭૨૧ના પેરા નં.૨૧**માં જણાવેલ કારણો ધ્યાને*

*લીધા.* આ કામના આરોપી કુટુંબ કબીલાવાળા છે અને તેઓ કુટુંબના એકમાત્ર કમાનાર ઈસમ છે તથા તેઓનો આ પ્રથમ ગુનો છે. આરોપીની સામાજિક તેમજ આર્થિક પરિસ્થિતિને ધ્યાને લઈ તેમજ ઉપરોક્ત ચુકાદામાં પ્રસ્થાપિત સિદ્ધાંતોને ધ્યાને લેતાં, આરોપી સ્વૈચ્છાએ ગુનાની કબૂલાત કરતાં હોઈ, આરોપીની આ કબૂલાત હું સ્વીકારું છું અને આરોપીને તેમની સામેના ગુનામાં તકસીરવાર ઠરાવું છું. પરંતુ આરોપીની કબૂલાત તેમજ કેસની હકીકતોને ધ્યાને લેતાં, આરોપીને યોગ્ય રકમનો દંડ કરવામાં આવે તો ન્યાયનો હેતુ જળવાઈ રહેશે તેમ હું માનું છું. જેથી ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**//હુકમ//**

આ કામના **આરોપી પટેલ ઉપેન્દભાઇ સોમાભાઇ નરોતમભાઇ** નાઓને **ધી ગુજરાત પ્રોહિબિશન અૅકટની કલમ-૬૬(૧)(બી)**, ૮૫(૧) મુજબ **ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૭૫** અન્વયે તકસીરવાર ઠરાવુ છું અને **પ્રોહી ૬૬(૧)બી** અન્વયે રુપિયા ૧૦૦/- (અંકે રુપિયા સો પુરા) તથા **૮૫(૧)** અન્વયે રુપિયા ૧૦૦/- (અંકે રુપિયા સો પુરા) એમ **કુલ મળી રુપિયા ૨૦૦/- (અંકે રુપિયા બસ્સો પુરા)**નો દંડ ભરવાનો હુકમ કરવામાં આવે છે અને જો આરોપી દંડ ન ભરે તો **દિન-૭ની** સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

સદરહુ ચુકાદો આજરોજ સ્પેશિયલ સિટીંગ **તારીખઃ૧૪મી, માહેઃ માર્ચ, સનેઃ૨૦૨૬** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

**વડનગર**
**તા.૧૪/૦૩/૨૦૨૬**

**(કૃતેષકુમાર એન. જોષી)**
**જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ**
**વડનગર**
**યુનિક કોડ નં.૦૧૬૮૯**